# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જા.ક્ર. ૩૬/૨૦૨૪-૨૫ થી જા.ક્ર. ૪૬/૨૦૨૪-૨૦૨૫ તારીખ-૧૮/૦૯/૨૦૨૪ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તારીખ-૦૩/૧૦/૨૦૨૪ (રાત્રિના ૧૧:૫૯:૦૦ કલાક) સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે ઉંમર, ઉંમરમાં છૂટછાટ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગાર ધોરણ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમો તથા અન્ય વિગતો આયોગની વેબસાઈટ **https://gpsc.gujarat.gov.in** અને **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. અત્રે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઉમેદવારની સામાન્ય સમજણ માટે છે. જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથ./મુખ્ય કસોટીની સૂચિત તારીખ/માસ | પ્રાથમિક/મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ | શૈક્ષણિક લાયકાત (ટૂંકમાં) | અનુભવ (ટૂંકમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | | | | | | | |
| ૧ | | ૩ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૩૬ | મદદનીશ ઈજનેર (યાંત્રિક),વર્ગ-૨ (નજસં.પાપુ.ક. વિભાગ) | ૩૪ | ૧૭ | ૦૩ | ૦૯ | ૦૨ | ૦૩ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | જાન્યુ-૨૫ | એપ્રિલ-૨૫ | જૂન-૨૫ | BE/TECH(MECH) | જરૂર નથી |
| જાહેરાત ક્રમાંક ૩૭/૨૦૨૪-૨૫, ગુજરાત જળસંપતી વિકાસ નિગમ લિમિટેડ (GWRDC) | | | | | | | | | | | | | | | | | | | |
| ૩૭ | નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૨ (GWRDC) | ૦૬ | ૦૫ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ફેબ્રુ-૨૫ | મે-૨૫ | જુલાઈ-૨૫ | BE/TECH(CIVIL) | જરૂર નથી |
| જાહેરાત ક્રમાંક ૩૮/૨૦૨૪-૨૫ અને ૩૯/૨૦૨૪-૨૫, ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) | | | | | | | | | | | | | | | | | | | |
| ૩૮ | અધિક સીટી ઇજનેર (સિવિલ), વર્ગ-૧ (GMC) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ફેબ્રુ-૨૫ | મે-૨૫ | જુલાઈ-૨૫ | BE/TECH(CIVIL) | ૦૫ વર્ષ |
| ૩૯ | મદદનીશ ઈજનેર (યાંત્રિક), વર્ગ-૨ (GMC) | ૦૬ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ફેબ્રુ-૨૫ | મે-૨૫ | જુલાઈ-૨૫ | BE/TECH(ME/AME) | જરૂર નથી |
| જાહેરાત ક્રમાંક ૪૦/૨૦૨૩-૨૪ થી ૪૬/૨૦૨૩-૨૪, સરકારી ડેન્ટલ કોલેજોમાં વિવિધ વિષયોના મદદનીશ પ્રાધ્યાપક (ડેન્ટલ સંવર્ગ), વર્ગ-૧, સામાન્ય રાજ્ય સેવા | | | | | | | | | | | | | | | | | | | |
| ૪૦ | પ્રોસ્થોડોન્ટીક્સ એન્ડ ક્રાઉન એન્ડ બ્રિજ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | જાન્યુ-૨૫ | એપ્રિલ-૨૫ | જૂન-૨૫ | MDS/DNB | જરૂર નથી |
| ૪૧ | કન્ઝર્વેટીવ ડેન્ટીસ્ટ્રી એન્ડ એન્ડોડોન્ટીક્સ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | જાન્યુ-૨૫ | એપ્રિલ-૨૫ | જૂન-૨૫ | MDS/DNB | |
| ૪૨ | ઓરલ એન્ડ મેક્ષીલોફેશીયલ સર્જરી | ૦૬ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | જાન્યુ-૨૫ | એપ્રિલ-૨૫ | જૂન-૨૫ | MDS/DNB | |
| ૪૩ | ઓર્થોડોન્ટીક્સ એન્ડ ડેન્ટોફેશીયલ ઓર્થોપેડીક | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | જાન્યુ-૨૫ | એપ્રિલ-૨૫ | જૂન-૨૫ | MDS/DNB | |
| ૪૪ | પેરીયોડોન્ટોલોજી | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | જાન્યુ-૨૫ | એપ્રિલ-૨૫ | જૂન-૨૫ | MDS/DNB | |
| ૪૫ | ઓરલ પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | જાન્યુ-૨૫ | એપ્રિલ-૨૫ | જૂન-૨૫ | MDS/DNB | |
| ૪૬ | પબ્લિક હેલ્થ ડેન્ટીસ્ટ્રી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | જાન્યુ-૨૫ | એપ્રિલ-૨૫ | જૂન-૨૫ | MDS/DNB | |

➢ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી સદરહુ જાહેરાતોમાં જગ્યાઓની સંખ્યામાં વિભાગની દરખાસ્તને આધીન ફેરફાર કરવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.

➢જા.ક્ર. ૩૭/૨૦૨૪-૨૫ની જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગુજરાત જળસંપતી વિકાસ નિગમ લિમિટેડ **(GWRDC)** ના કર્મચારી ગણાશે તથા જા.ક્ર. ૩૮ અને ૩૯/૨૦૨૪-૨૫ની જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગાંધીનગર મહાનગરપાલિકા **(GMC)**ના કર્મચારી ગણાશે. સદરહુ જાહેરાતોની જગ્યાઓ માટે સંબંધિત નિગમ/મહાનગરપાલિકાનાં ભરતી નિયમો અને અન્ય તમામ નિયમોને આધિન આ જાહેરાતો આપવામાં આવે છે. ઉપરોક્ત જા.ક્ર. ૩૭ થી ૩૯/૨૦૨૪-૨૫ સંબંધે તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.

➢(૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને જે તે જાહેરાત માટે ઓનલાઈન એક જ અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) અરજી કરતી વખતે જ ઉમેદવારે પોતાનો ફોટો અને સહી અપલોડ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું. જો ઉમેદવાર દ્વારા પોતાના બદલે અન્ય કોઈનો ફોટો કે સહી ઓનલાઈન અરજીમાં/પ્રવેશપત્રમાં જણાશે તો ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. (૩) ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના આખરી (છેલ્લા) સમય સુધી **"Editable"** છે. કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ/ભૂલ/ચૂક થાય તો તે બાબતે સુધારો કરવાની જરૂરિયાત જણાય તો **https://gpsc-ojas.gujarat.gov.in** ના **"Online Application"** મેનુમાં **"Edit"** વિકલ્પમાં જઇને તે જાહેરાતમાં ઓનલાઇન અરજી કરવાના આખરી (છેલ્લા) દિવસ અને સમય સુધીમાં કોઇ પણ વિગત સુધારી શકાશે, જે બાબતે નવી અરજી કરવી નહીં. જાહેરાતના ઓનલાઇન અરજી કરવાનો સમય પૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં. (૪) તે ઉપરાંત ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક **(Application Form)** ની નકલ અવશ્ય ડાઉનલોડ કરી **SAVE** કરી લેવી અને તેમાં પોતાની તમામ વિગતો, ફોટો અને સહીની ચકાસણી કરી લેવી. (૫) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૬) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે અને રૂબરૂ મુલાકત સમયે અચૂક રજૂ કરવાના રહેશે.

➢ઉમરનાં પુરાવા માટે **BIRTH/SSCE CERTIFICATE** (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ **NON CREAMY LAYER CERTIFICATE (NCLC)** માટે પરિશિષ્ટ-ક-પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. આર્થિક રીતે નબળા વર્ગના **(EWS)** ઉમેદવારોએ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:**EWS/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ** થી નિયત થયા મુજબનું (અંગ્રેજીમાં **Annexure-KH** અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં જ રજૂ કરવું અને તે જ માન્ય ગણાશે.

➢બિન-અનામત વર્ગનાં ઉમેદવારો અરજી ફી પોસ્ટ ઓફિસમાં ચલણથી તારીખ ૦૪-૧૦-૨૦૨૪ સુધીમાં જે તે પોસ્ટ ઓફિસનાં કચેરી સમય સુધી ભરી શકશે અને ઓનલાઈન **https://gpsc-ojas.gujarat.gov.in** પર રાત્રિના ૧૧:૫૯ સુધી ભરી શકશે.

➢ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે **Online** અરજી કરવા માટે તારીખ ૦૩-૧૦-૨૦૨૪ના રાત્રિનાં ૧૧:૫૯ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે. માટે આખરી દિવસ સુધી રાહ ન જોતા **Online** અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી **Confirm** કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં **Online** અરજીપત્રક ભરી **Confirmation Number** મેળવી લેવો ફરજીયાત છે. જેમાં ચૂક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

તારીખ: ૧૩-૦૯-૨૦૨૪

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)

https://www.freshersnow.com/